# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-11-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# CM DHANDHUKA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ધંધૂકાના આકરૂ ગામે વિરાસત એક અનોખું ગ્રામીણ મ્યુઝિયમનું ઉદઘાટન કર્યું હતું..ધંધુકા તાલુકાના આકરૂ ગામે સાંસ્કૃતિક વારસાનું અદભૂત સંગ્રહાલય તૈયાર કરાયું છે... પદ્મશ્રી જોરાવરસિંહ જાદવ દ્વારા આ મ્યુઝિયમનું નિર્માણ કરવામાં આવ્યું છે..

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત અનેક રાજકીય અને સામાજીક આગેવનો આ સંગ્રહાલયના ઉદઘાટન પ્રસંગે ઉપસ્થિત રહ્યાં છે.. પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા તેમજ વજુભાઈ વાળા, સહિત અનેક રાજકીય, સામાજિક અગ્રણીઓ પણ આ કાર્યક્રમાં ઉપસ્થિત રહ્યાં હતાં.. આ પ્રસંગે મુખ્યમંત્રીએ સંગ્રહાલયની સાથેસાથે 246 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમૂહુર્ત પણ મુખ્યમંત્રીના હસ્તે કરાયું હતું.

(બાઇટ- ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

.................

# Accident

રાજ્યમાં છેલ્લા ચોવીસ કલાકમાં અલગ અલગ જગ્યાએ થયેલા અકસ્માતમાં 5 મોત નીપજ્યા છે.

જામનગર રાજકોટ હાઇવે પર આવેલા ધ્રોલ નજીકના જાયવાગામ પાસે અકસ્માત થયો હતો, આશાપુરા હોટલ પાસે એકટીવા અને બોલેરા

વચ્ચે ભયંકર અકસ્માતમાં ૩ લોકોના મોત થયા છે. ઘટનાની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી હતી.

કેન્દ્રશાસિત પ્રદેશ દીવના ઘોઘલા ખાતે પાણી લઇ જતુ વાહન અને ટુ વ્હીલર વચ્ચે અકસ્માત સર્જાતા ટુ વ્હીલર પર સવાર બન્નેને તાત્કાલિક સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જેમાં એક બાળકનું મોત નીપજ્યું હતું.,

પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના વાંટા વછોટા ચોકડી પાસે ટ્રક અને બાઇક વચ્ચે અકસ્માત થતાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. અન્ય ઘાયલને ગંભીર ઇજા થતાં હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડાયા હતા. મૃતકના પરિવારજનોએ ટ્રક ચાલક સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

--------------------------

## RAGING DEATH

ગુજરાતના પાટણની મેડિકલ કોલેજમાં પ્રેક્ટિસ કરતા પ્રથમ વર્ષના વિદ્યાર્થી અનિલ મંથાનિયાનું મોત  થયું હતું. મૃતકના પરિવારજનોએ આક્ષેપ કર્યો છે કે આ વિદ્યાર્થીનું મૃત્યુ એમબીબીએસ ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલા રેગિંગને કારણે  થયું  હતું. મૃતક વિદ્યાર્થી સુરેન્દ્રનગરના જેસરા ગામનો રહેવાસી હતો. આ વિદ્યાર્થીનું ગત રાત્રે મેડિકલ કોલેજના પરિસરમાં જ મોત થયું હતું. મૃત્યુ પહેલા આપેલા

નિવેદનમાં વિદ્યાર્થીએ ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા રેગિંગનો ઉલ્લેખ કર્યો છે. કોલેજના ડિન દ્વારા જણાવાયું હતું કે વિદ્યાર્થીને ચક્કર આવવાના કારણે તેને હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. જ્યાં વિદ્યાર્થીનું મોત થયું હતું.. તેમણે ઉમેર્યુ હતું કે વિદ્યાર્થીએ મરણોત્તર નિવેદનમાં અન્ય વિદ્યાર્થીઓ દ્વારા કરાયેલા રેગિંગને કારણે મોત થયું હોવાનું જણાવ્યું હતું.

--------------

## KUTCH KHARIDI

કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળી, મગ, અડદ અને સોયાબિનની ખરીદી શરૂ કરવામાં આવી છે.. આ શરૂ કરાયેલી ખરીદીના ભાગરૂપે કચ્છમાં કુલ 3 હજાર 936 ખેડૂતોએ ઓનલાઈન નોંધણી કરાવી છે ભુજ, અંજાર, રાપર, અબડાસા, માંડવી અને ભચાઉ ખાતેનાં સેન્ટર પરથી એક મણના બે હજાર 716 રૂપિયાના ભાવે 107 મેટ્રિક ટન મગફળીની ખરીદી કરવામાં આવી છે.

ભારત અને રાજ્ય સરકારના માધ્યમથી અને ઈન્ડિયા ગ્રો ઉત્પાદક કંપનીના સહયોગે ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળી, મગ, અડદ અને સોયાબિનની ખરીદી કરવાનો નિર્ણય કરાયા બાદ કચ્છના 10 તાલુકામાંથી 3 હજાર 936 ખેડૂતે ટેકાના ભાવે મગફળી, અડદ, મગ અને સોયાબિન વેચવા રજિસ્ટ્રેશન કરાવ્યું છે, જેમાં અંજાર તાલુકામાં 842, ભુજ તાલુકામાં 810, માંડવીમાં 603, રાપર તાલુકામાં 725, ભચાઉમાં 325, અબડાસામાં

364, નખાત્રાણા 178, લખપત 51, મુંદરા 37 અને ગાંધીધામમાં  એક ખેડૂતનો સમાવેશ થાય છે.

---------------

# MATDAR YADI SUDHARNA

રાજ્યમાં આજથી 24 નવેમ્બર દરમિયાન ત્રણ તબક્કામાં મતદાર સુધારણા યાદીનો કાર્યક્રમ યોજાશે. કેન્દ્રીય ચૂંટણી પંચની સુચના અને મુખ્ય ચૂંટણી અધિકારીના માર્ગદર્શન હેઠળ આજે અને ત્યારબાદ 23 અને 24મી નવેમ્બરે ખાસ મતદાર યાદી સુધારણા ઝુંબેશ હાથ ધરાશે.

આ ખાસ ઝૂંબેશના દિવસોમાં રાજ્યના તમામ મતદાન મથક ખાતે સવારે 10થી સાંજે પાંચ વાગ્યા સુધી બુથ લેવલ ઑફિસર જરૂરી ફોર્મ સાથે ઉપસ્થિત રહેશે. આગામી પહેલી જાન્યુઆરી, 2025ની લાયકાતની તારીખે 18 વર્ષ પૂર્ણ કરતા હોય તેવા યુવાઓ માટે મતદાર તરીકે નોંધણી કરાવવાની આ ઉત્તમ તક છે. આ ઉપરાંત મતદારયાદીમાં નામ નોંધણી, સુધારા-વધારા અને મતદારયાદીમાંથી નામ કમી કરાવવા ફોર્મ ભરી શકાશે. વધુમાં ખાસ ઝૂંબેશના દિવસો સિવાય 28 નવેમ્બર 2025 સુધી સંબંધિત જિલ્લા કલેક્ટર કચેરી, મતદાર નોંધણી અધિકારીની કચેરી તેમજ મામલતદાર કચેરી ખાસે રાખવામાં આવેલી મતદારયાદીમાં પોતાનું  તથા પોતાના પરિવારજનોનું નામ ચકાસી શકાશે.

---------------------------